...૮૧-ત્તા/અ/અસઆર/પ૮/૨૦૧૨
કલેકટર કચેરી, જ.સુ.શાખા,
વડોદરા, તા.૨૫-૫-૨૦૧૨

પ્રતિ,
શ્રી ભવ્યા ચંદ્રકાન્તભાઈ મણીયાર
રહે : સી-૨૦-૨૧, સ્વામીનારાયણ નગર-૧,
હરણી રોડ; વડોદરા તા.જિ. વડોદરા

વિષયઃ-મોજે શ્રીપોર ટીંબી તા.વાઘોડીયાના સ.નં.૮૦/બ ની ૯૨૧૦ ચો.મી. વાળી પ્રતિબંધીત શરતની જમીન બિનખેતીના રહેણાંક હેતુ માટે શરતફેર ની પરવાનગી આપવા બાબત.

મહોદયા,

ઉકત વિષય સંબંધમાં જયભારત સહ જણાવવાનું કે, તમોએ નીચે જણાવેલ પ્રતિબંધીત શરતની જમીન બિનખેતી રહેણાંક હેતુ માટે શરતફેર કરવાની પરવાનગી મળવાની માંગણી કરેલ છે. સરકારશ્રીના મહેસુલ વિભાગના ઠરાવ ક્રમાંક નશજ/૧૦૨૦૦૬/૫૭૧/જ (પાર્ટ-૨) તા.૪/૭/૨૦૦૮ તથા તા.૩/૫/૨૦૧૧ તથા તા.૫/૧/૨૦૧૦ ના ઠરાવ ક્રમાંક / ગણત / ૧૧૦૮ / ૪૭૪ / ઝ તથા ઠરાવ ક્રમાંક એસટીપી / ૧૨૨૦૯ / ૨૩૮૧/હ-૧ તા:૩/૧૨/૧૧ મુજબ રેટ ઓફ ડેવલપ લેન્ડનો જંત્રીના દર પ્રમાણે હાલ અમલી જંત્રી મુજબ જમીનની કિંમતના ૪૦% પ્રમાણે પ્રિમિયમની રકમ સરકારશ્રીમાં ભરપાઈ કરવાની શરતે મંજુરી આપેલ છે.

નીચે જણાવેલ જમીનની તે સામે જણાવેલ પ્રિમિયમની રકમ અરજદારશ્રીએ આ પત્ર મળ્યા તારીખથી દિન-૨૧માં નીચે જણાવેલ સદરે સરકારી તિજોરીમાં જમા કરાવી અત્રે અસલ ચલન રજુ કરવા વિનંતી છે. સમય મર્યાદામાં પ્રિમિયમની રકમ ભરપાઈ કરી ચલણ રજુ થશે નહી તો તમોને પરવાનગી મેળવવામાં રસ નથી તેમ માની આપની અરજી દફતરે કરવામાં આવશે. જેની નોંધ લેશો. નજરાણાની ભરપાઈ કરેલ રકમ રીફંડનેપાત્ર નથી તે જાણશો.

શરતનં.૧ઃ- સવાલવાળી જમીનની પ્રિમિયમની રકમ અરજદાર શ્રી ભવ્યા ચન્દ્રકાન્તભાઈ મણીયારએ ભરવાની રહેશે.

અ નું	ગામ / તાલુકો	સ.નં	બ્લોક નંબર	ક્ષેત્રફળ ચો.મી.	નવીન જંત્રી મુજબની કિંમત પ્રતિ ચો.મી.ના રૂપિયા	જમીનની કુલ કિંમત રૂપિયા	સરકારશ્રીમાં ૪૦% પ્રમાણે ભરપાઈ કરવાની પ્રિમિયમની રકમ
૧	૨	૪	૪	૫	૬	૭	૮
૧	શ્રીપોર ટીંબી તા.વાઘોડીયા	૮૦/બ	-	૯૨૧૦	૧૦૦૦/-	૯૨,૧૦,૦૦૦/-	૩૬,૮૪,૦૦૦/- (અંકે રૂપિયા છત્રીસ લાખ ચોર્યાસી હજાર પુરા)

<u>પ્રિમિયમની રકમ જમા કરાવવાનું સદર</u>

(૧) મુખ્ય સદર – ૦૦૨૯ (0029)
ગૌણ સદર – ૧૦૩ જમીન પર દર અને ઉપકર (RATES & CASES ON RENTAL)
પેટા સદર –(૩)નવી શરતની જમીન બિનખેતીના હેતુ માટે જુની શરતમાં ફેરવવા માટે લેવાતુ પ્રિમિયમ (PRIMIUM FOR CONVESION OF NEW TENURE LAND TO OLD TENURE FOR NON AGRICULTURE PURPOSE)

આપનો વિશ્વાસુ

કલેકટરશ્રીની આજ્ઞાનુંસાર

કલેકટર વડોદરા વ.ની

નકલ રવાના:- મામલતદારશ્રી, વાઘોડીયા તરફ
૨/- જાણવા તથા ઘટિત કાર્યવાહી ...

INTIMATION-NON AGRI

For R. INFRA

Partner

[illegible]
કલેક્ટર કચેરી, જ.સુ. શાખા,
વડોદરા, તા.૩-૮-૨૦૧૧

// વાંચ્યા //

(૧) અરજદાર શ્રી સાતભાઈ અરવિંદભાઈ પ્રતાપરાવ રહે.મુ.પો.શ્રીપોરટીબી, તા.વાઘોડીયા, જિ.વડોદરાની તા.૩૧/૧/૨૦૧૧ ની અરજી.

(૨) મામલતદારશ્રી, વાઘોડીયાના પત્રનં.જમીન/વશી/૩૦૭/૨૦૧૧ તા.૧૧/૩/૨૦૧૧ થી રજુ થયેલ અહેવાલ કામના કાગળો.

(૩) સરકારશ્રી મહેસુલ વિભાગના ઠરાવ ક્રમાંક નશજ/૧૦૨૦૦૬/૫૭૧/જ (પાર્ટ-૨) તા.૪/૭/૨૦૦૮

(૪) ગણોતધારાની કલમ-૪૩, નિયમ-૨૫(સી)

// હુકમ //

અરજદાર શ્રી સાતભાઈ અરવિંદભાઈ પ્રતાપરાવ રહે.મુ.પો.શ્રીપોરટીબી, તા.વાઘોડીયા, જિ.વડોદરાએ તેઓની મોજે શ્રીપોરટીબી, તા.વાઘોડીયા, જિ.વડોદરાના સ.નં.૮૦/બ ના હે.૦-૯૨-૧૦ વાળી પ્રતિબંધિત શરતની જમીન ખેતીના હેતુ માટે મણીયાર ભવ્યા ચંદ્રકાન્તભાઈ તે મિતેશભાઈ હસમુખભાઈના પત્ની રહે.સી-૨૦/૨૧, સ્વામિનારાયણ નગર-૧, હરણી રોડ, વડોદરાને વેચાણ કરવા શરતફેરની પરવાનગી મળવા વંચાણ-૧ ની અરજીથી માંગણી કરેલ છે.

મામલતદારશ્રી, વાઘોડીયાએ વંચાણ-૨ ના પત્રથી ખેતીના હેતુ માટે વેચાણ કરવા શરતફેરની પરવાનગી આપવાના અભિપ્રાયસહ દરખાસ્ત રજુ કરેલ છે.

સવાલવાળી જમીન ફેરફાર નોધ નં.૨૫૮ તા.૨૧/૧૧/૭૦ ની વિગતે મામલતદાર વાઘોડીયાના હુકમ નંબર : ૧/૭૦ તા.૩૧/૭/૭૦ આધારે ખરીદ કિંમત રૂા.૧૫૦૦/- ૪.૫% ના વ્યાજે જમીન માલીકને ચુકવવા તથા ગણોતીયા પ્રતાપરાવ બાબુરાવનું નામ દાખલ કરવા નોધ થયેલ છે. ત્યારબાદ ફેરફાર નોંધનં.૩૯૭ તા.૮/૩/૯૬ થી વારસાઈ / વીલ આધારે પ્રતાપરાવ બાબુરાવ સાતભાઈએ હયાતીમાં રજી.નં.૬૬૧ તા.૩૦/૧૧/૯૩ ના રોજ વારસાઈ વીલ કરેલ તેઓ તા.૨૩/૧/૯૪ ના રોજ મૈયત થવાથી વારસાઈ વીલ આધારે તેઓના દિકરા અરવિંદભાઈ પ્રતાપરાવ સાતભાઈના નામે દાખલ થયેલ છે.

વેચાણ રાખનાર શ્રી મણીયાર ભવ્યા ચંદ્રકાન્તભાઈ તે મિતેશભાઈ હસમુખભાઈના પત્ની મોજે ધનકરોલ, તા.વાઘોડીયા, જિ.વડોદરાના ખાતાનં.૧૮૯ થી હે.૦-૪૨-૪૯ તથા મોજે પાડીવાડા, તા.દસાડા, જિ.સુરેન્દ્રનગરના ખાતાનં.૯૪ થી હે.૨-૬૧-૦૨ થી ખેતીની જમીન ધારણ કરે છે.

સરકારશ્રીના મહેસુલ વિભાગના વંચાણ-૩ ના ઠરાવની જોગવાઈઓ મુજબ ખેતી હેતુ માટે હાલમાં અમલી જંત્રી-૨૦૧૧ મુજબ પ્રતિ ચો.મી.નો દર રૂા.૪૬૫/- પ્રમાણે સવાલવાળી ૯૨૧૦ ચો.મી. જમીનની કુલ કિંમત રૂા.૪૨,૮૨,૬૫૦/- થાય છે. તેના ૨૫% પ્રિમિયમની રકમ રૂા.૧૦,૭૦,૬૬૩/- (અંકે રૂપિયા દસ લાખ સીતેર હજાર છસો ત્રેસઠ પુરા) સરકારશ્રીમાં જમા કરાવી ચલણ રજુ કરવા અરજદારશ્રીને જણાવતા તેઓએ પ્રિમિયમની રકમ તા.૨૨/૭/૨૦૧૧ ના રોજ સરકારશ્રીમાં જમા કરાવી ચલણની અસલપ્રત અત્રે તા.૨૬/૭/૨૦૧૧ ના રોજ રજુ કરેલ છે.

ક્રમશઃ

For R. INFRA

Partner

... વાળા પ્રતિબંધિત શરતનો [illegible] ... હેતુ માટે મંજૂરી ... [illegible]
નિતેશભાઈ હસમુખભાઈના પત્ની રહે.સી-૨૦/૨૧, સ્વામિનારાયણ નગર-૧, હરણી રો
વડોદરાને વેચાણ કરવા નીચેની શરતોને આધિન ગ.ધા.ક-૪૩ તથા નિયમ-૨૫(સી) હેઠળ ફક
પ્રતિબંધીત શરતના નિયંત્રણો દુર કરવા પુરતી મંજુરી આપવામાં આવે છે.

// શરતો //

(૧) આ પરવાનગી ફકત નવી શરતના નિયંત્રણ પુરતી જ આપવામાં આવેલ છે. જેથી સવાલવાળી જમીન અંગે અન્ય કાયદા કાનુન હેઠળ લેવાજોગ તમામ પરવાનગી અલગ લેવાની રહેશે.

(૨) સવાલવાળી જમીનનો હુકમ થયા તારીખથી ત્રણ માસમાં વેચાણ દસ્તાવેજ સવાલવાળી જમીનની નકકી કરેલ કુલ કિંમત અથવા દસ્તાવેજ સમયે અમલી જંત્રીના ભાવ મુજબ થતી કુલ કિંમત બે માંથી જે વધુ કિંમત હોય તે મુજબ કરવાનો રહેશે.

(૩) સરકારશ્રીના મહેસુલ વિભાગના સંકલીત ઠરાવ ક્રમાંક નશજ/૧૦૨૦૦૩/૨૬૦૦/જ તા.૧૮/૧૨/૨૦૦૪ માં સુચવ્યા અનુંસાર ખરેખર વેચાણ કિંમત નકકી કરેલ કિંમતથી વધારે હશે તો પ્રિમિયમના તફાવતની રકમ સરકારશ્રીમાં ભરપાઈ કરવાની રહેશે.

(૪) સદર જમીનની ફકત ખેતીના હેતુ માટે જ શરતફેર કરવા પરવાનગી આપવામાં આવેલી છે. બિનખેતીનાં ઉપયોગ કરવાનાં પ્રસંગે કલેકટરશ્રીની પુર્વ મંજુરી મેળવવાની રહેશે. અને તે અંગે સરકારશ્રીના પ્રવર્તમાન નિયમો અનુસાર પ્રિમિયમની રકમ ભરપાઈ કરવાની રહેશે.

(૫) સવાલવાળી જમીન પ્રતિબંધીત શરતની છે. જેથી જમીન મેળવનાર ખેતીના હેતુ માટે જુની શરતે ધારણ કરશે. પરંતુ "બીનખેતીના હેતુ માટે પ્રિમિયમને પાત્ર" રહેશે અને તેવી નોંધ ૭/૧૨ના બીજા હકકમાં તથા ૭/૧૨ માં ડાબી બાજુએ ઉપરના ભાગે કરવાની રહેશે.

(૬) સવાલવાળી જમીનની ભરપાઈ કરેલ પ્રિમિયમની રકમ રીફંડને પાત્ર થશે નહી.

(૭) સવાલવાળી જમીનની ભરપાઈ કરેલ પ્રિમિયમની રકમ ઉપરાંત વધુ રકમ ભરપાઈ કરવાનો ભવિષ્યમાં કોઈ પ્રસંગ ઉદભવે તો તે રકમ ભરપાઈ કરવાની રહેશે.

(૮) સવાલ વાળી જમીન અંગે જો કોઈ બોજો ભરપાઈ કરવાનો બાકીમાં હશે તો તે ભરપાઈ કરવાનો રહેશે.

(૯) સવાલવાળી જમીન અંગે કોઈ કોર્ટમાં વિવાદ ચાલતો હશે તો તે અંગેના જે ચુકાદા આવે તે મુજબ જમીન માલીકશ્રીઓ તથા જમીન વેચાણ રાખનારે અમલ કરવાનો રહેશે.

(૧૦) જમીન વેચાણ રાખનાર ગુજરાત ખેત જમીન ટોચ મર્યાદા ધારા હેઠળ નિયત સીલીગ મર્યાદાથી વધુ જમીન ધારણ કરી શકશે નહી. જેથી નિયત સીલીગ મર્યાદા કરતા ખેતીની જમીન વધી જાય તો નિયમોનુંસાર તેની સક્ષમ અધિકારી સમક્ષ જાહેરાત કરવાની રહેશે.

(૧૧) આ પરવાનગી આપેલ જમીન સિવાય જો જમીન બાકી રહેતી હોય તો [illegible] પ્રતિબંધીત શરતની જમીન અંગે ગામ નમુના નં.૭/૧૨ માં "ગણોતધારા કલમ-૪૩ [illegible] બંધીત શરત" ની નોંધ અચુક કરવાની રહેશે. તથા સંબંધીત મહેસુલી અધિકારીશ્રીએ આવી નોંધ થઈ છે કે કેમ? તે સુનિશ્ચિત કરવાનું રહેશે.

SHIFIDOR TIMBI-SH 20-B

For R. INFRA

Partner

રવાના કર્યું

સહી/-
(વિનોદ આર. રાવ)
કલેક્ટર વડોદરા

નાયબ કલેક્ટર (જિ.સુ.)
વડોદરા

રજી.પો.એ.ડી.થી

પ્રતિ,

(૧) શ્રી સાતભાઈ અરવિંદભાઈ પ્રતાપરાવ
મુ.પો.શ્રીપોરટીબી, તા.વાઘોડીયા, જિ.વડોદરા

(૨) મણીયાર ભવ્યા ચંદ્રકાન્તભાઈ તે મિતેશભાઈ હસમુખભાઈના પત્ની
રહે.સી-૨૦/૨૧, સ્વામિનારાયણ નગર-૧, હરણી રોડ, વડોદરા

નકલ રવાના:-

(૧) મામલતદારશ્રી, વાઘોડીયા તરફ (બે નકલમાં)
ર/- ગામ રેકર્ડમાં નોંધ રાખવા તથા સવાલવાળી જમીનમાં શરતભંગ જણાયે સક્ષમ અધિકારીશ્રીને ધોરણસરની દરખાસ્ત કરવા સારૂ.

(૨) મામલતદાર અને કૃષિપંચશ્રી, ડભોઈ તરફ
ર/- શરતભંગ થયે ગ.ધા.ક.-૮૪(સી)હેઠળ પગલાં લેવા સારૂ.

(૩) નકલ જયભારતસહ રવાના સબરજીસ્ટ્રારશ્રી, વાઘોડીયા તરફ જરૂરી કાર્યવાહી થવા સારૂ

(૪) હુકમની ફાઈલે

For R. INFRA

Partner

ગામ :- શ્રીપોર ટીંબી   તા.:- વાઘોડીયા   જિ. :- વડોદરાના સર્વે નંબર ૮૦/બ ની માપણી શીટ
એમ.ટી.આર નંબર :- ૧૦૩/૦૯-૧૦



સમજુતિ :-

(૧) કાળી સળંગ તથા લાલ સળંગ લીટી મુજબ અરજદારે બતાવેલા પ્રત્યક્ષ કબજા ભોગવટા મુજબ સર્વે નંબર ૮૦/બ ની માપણી અરજદારની રૂબરૂ માં કરવામાં આવેલ છે.

(૨) કાળી સળંગ લીટી મુજબ ચોક ટીપ્પણ આધારે તથા લાલ સળંગ લીટી મુજબ કેનાલ માપણી આધારે મેળવણી કરી હદ બતાવવા માં આવેલ છે.

સ્કેલ:- ૧ સે.મી.-૧૦ મીટર
મા.તારીખ:- ૭-૧૨-૧૦
મા.ક. :-

ચંદ્રકાન્ત એસ. પટેલ
લા. નં. ૨૩૯
(વડોદરા જીલ્લો)

For R. IN...

Partne...

મ.નિ.યા.એસટીએન/૧૦૦૯૩/૩૧૩૦–એચ.તા.૧૦–૩–૧૯૯૫.
ઈ.જ.મો.સંસ્થા,ગાંધીનગર/જોબ નં.૧૦૫–૨૦૦–૧૨૯૮

એમ.ટી.આર નંબરઃ– ૪૨૫/૧૦–૧૧

હિસ્સા ફોર્મ નંબર ૪

ગુણાકાર બુક   મોજેઃ– શ્રી પોર ટીંબી   તાલુકેઃ– વાઘોડિયા   જિલ્લેઃ– વડોદરા. ની હદ માપણી   પાન.

અનુ. નં.	સ.નં.	ક્ષેત્રફળ	હિસ્સા નંબર	એરીયા સ્કેવરથી કાઢેલુ હિસ્સાનુ ક્ષેત્રફળ	બધા હિસ્સાઃ ૫ નુ ઃ એકંદરે ક્ષેત્રફળ	કોષ્ટક –૩ તથા ૬ વચ્ચે તફાવત	કોષ્ટક ૫માં કમી અગર જાદે		હિસ્સાનુ કાયમ ક્ષેત્રફળ	કબજેદારનુ નામ	કબજેદારહાજરહોય તો તેની સહી અથવા અંગુઠાનુ નિશાન હાજર ન હોય તો જેના કહેવાથી હિસ્સા પાડયા હોય તેનુ નામ.	શેરો.
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨	૧૩
[illegible]	[illegible]	૦–૯૨–૧૦	—	૦–૯૨–૧૦	—	—	—	—	૦–૯૨–૧૦	ભવ્યા ચંદ્રકાન્તભાઈ મણીયાર	જવાબ પ્રકરણે સામેલ છે.	

ચંદ્રકાન્ત એસ. પટેલ
લા. નં. ૨૩૯
(વડોદરા જીલ્લો)

For R. INFRA
Partner

ખરીનકલ
હેડ કવાર્ટર આસિસ્ટન્ટ
ડીસ્ટ્રીકટ સર્વે કચેરી, વડોદરા-૧

નકલ ફીઃ- ૦૨૦/-   અરજી નંબરઃ ૯૯૨૯
મુકાબલ ફીઃ- ૦૨૦/-   અરજી આપ્યા તારીખ
પેપર ફીઃ- ૦૨૦/-   નકલ તૈયાર થયા તારીખ
કલર ફી/માપ ફીઃ-   નકલ નિકાલ કર્યા તારીખ
કુલ ૦૫૦/-   ૨૮/૦૯/૧૨

તત્કાલ//એન.એ./એસ.આર/રીવી/૫૦/૨૦૧૨-૨૦૧૩

નં.જમીન/ડી/કલમ-૬૫/વશી/ ૧૦૧૨૪/૨૦
બિનખેતી શાખા, કલેકટર કચેરી,
રૂમ નં.૩૦, કોઠી બિલ્ડીંગ,
વડોદરા તા. ૦૫/૧૧/૨૦૧૨

આમુખ :--

(૧) અરજદારશ્રી ભવ્યા ચંદ્રકાન્તભાઈ મણીયાર તે મીતેષભાઈ હસમુખ શાહની પત્ની રહે. સી-૨૦-૨૧ સ્વામીનારાયણ નગર, હરણી રોડ, વડોદરાની મોજે શ્રીપોર ટીંબી તા.વાઘોડીયાના સં.નં.૮૦/બ ની ૯૨૧૯ ચો.મી.જમીનની રહેણાંકનાં હેતુ માટેની પરવાનગી મેળવવાની તા.૦૧/૦૯/૨૦૧૨ ની "તત્કાલ બિનખેત યોજના" હેઠળની ક્રમાંક : ૫૦ ની અરજી તથા રજુ થયેલ આધાર પુરાવા સોગંદનામું વિગેરે

(૨) જન સેવા કચેરીના પત્ર નં.જનસેવ/કલમ-૬૫/બાર કોડ નંબર/૫૩૮૮૨૮ તા.૨૭/૦૭/૧૨ થી માંગેલ જુદી જુદી કચેરીના અભિપ્રાયો

(૩) મુંબઈ જમીન મહેસુલ અધિનિયમ-૧૮૭૯ ની કલમ-૬૫, ૬૬,૬૭ હેઠળના અધિકારો તથા ગુજરાત નિયમો ૧૯૭૨ ના ગુજરાત સરકારશ્રીના મહેસુલ નિયમોના-૧૦૦, ૧૦૧

(૪) સરદાર સરોવર નર્મદા નિગમ લીમીટેડ, વડોદરાના પત્ર નંબર જા.નં.નયો ન. વિ.નં.૧૦/ પીબી.૧/૨૬/ એન.ઓ.સી/૩૫૦૪/સને-૨૦૧૨ તા.૨૮/૦૮/૨૦૧૨

(૫) ગુજરાત સરકારશ્રી મહેસૂલ વિભાગના છેવટના ઠરાવ ક્રમાંકઃ બખપ/૧૦૦૬/૪૨૫/ક, તા.૦૧/૦૭/૨૦૦૮

કલેકટરશ્રી વડોદરાના નં.ટેનન્સી/એ/વશી/૩૪૬૨/૧૨ તા.૧૯/૦૭/૧૨ નો હુકમ

હુકમ :

એપેન્ડીક્સ-એ માં ઠરાવેલ જમીનના કબજેદાર ધ્વારા આમુખ -(૧) વાળી અરજી અન્વયે બિનખેતીના હેતુ માટે ઉપયોગ કરવા નીચે દર્શાવેલ તેઓની માલીકીની જમીનની બિનખેતી રહેણાંક હેતુ માટે ઉપયોગ કરવા બિનખેતીની પરવાનગી માંગણી કરેલ છે. કબજેદારની રજુઆત મુજબ તથા કામના કાગળોમાં રેકર્ડ ઉપર અરજદારનું નામ કબજેદાર તરીકે ચાલે છે. તથા શહેરી જમીન ટોચ મર્યાદા અને નિયંત્રણ અધિનિયમ ૧૯૭૬ ના કાયદા અન્વયે પ્રશ્નવાળી જમીન ફાજલ થયેલ નથી કે સરકાર પક્ષે કબજો લેવાયેલ નથી તેમજ અન્ય કોઈ કાર્યવાહી ચાલુમાં ન હોવાનું કાગળો ઉપરથી તથા રજુ થયેલા સોગંદનામા ઉપરથી ફલિત થાય છે. જે અંગે આમુખ-(૨) માં દર્શાવ્યા મુજબ સંબંધિત કચેરીઓના હકારાત્મક અભિપ્રાય મળેલા છે. અરજદારે બાંધકામ અંગેના લે આઉટ / કી પ્લાનની નકલ રજુ કરેલ છે.

એપેન્ડીક્સ-એ (જમીનની વિગત)

કબજેદારશ્રી : શ્રી ભવ્યા ચંદ્રકાન્તભાઈ મણીયાર તે મીતેષભાઈ હસમુખ શાહની પત્ની

મોજે શ્રીપોર ટીંબી	તા.વાઘોડીયા	ઠરાવેલ વિશેષ ધારો ૨૦૩/-
સ.નં.૮૦/બ	૯૨૧૯ ચો.મી.	બિનખેતી હેતુ : રહેણાંક

For R. INFRA
Partner

એપેન્ડીકસ–બી (કરવેરાની વિગત)

(૧) રૂપાંતર કરની રકમ રૂ. ૧૮,૪૨૦/– ચલન નંબર
(૨) માપણી ફી રૂ. ૧૦,૮૦૦/– ચલન નંબર ૩૦૪૭ તા.૧૯/૧૦/૨૦૧
(૩) વિશેષધારો રૂ. ૨,૩૦૩/– તા.૨૨/૧૦/૨૦૧
(૪) લોકલ ફંડ રૂ. ૧,૧૫૨/–
(૫) શિક્ષણ ઉપકર રૂ. ૫૭૬/–

રૂ.

સરકારશ્રીની સુચના અનુસાર એડવાન્સમાં બે વર્ષનો વિશેષધારો, લોકલ ફંડ તથા શિક્ષણ ઉપકરની રકમ નીચે મુજ તલાટીશ્રી શ્રીપોર ટીંબીની કચેરીમાં જમા કરાવી અસલ પહોંચ અત્રે રજુ કરેલ છે.

(૧) વિશેષધારો / લોકલ ફંડ	રૂ.૨૭,૬૩૬/–	પહોંચ નંબર ૯૮	તા.૨૯/૧૦/૧૨
(૨) શિક્ષણ ઉપકર	રૂ. ૫,૧૮૪/–	પહોંચ નંબર ૧૫૮	તા.૨૯/૧૦/૧૨
(૩) તાલુકા પંચાયત (શિક્ષણ ઉપકર)	રૂ. ૬,૯૦૯/–	પહોંચ નંબર ૨૦	તા.૨૯/૧૦/૧૨

વંચાણ–૬ ના અત્રેના હુકમ નં.ટેનન્સી/એ/વશી૩૪૬૨/૧૨ તા.૧૯/૦૭/૧૨ ના હુકમથી રહેણાંકના હેતુ માટે પ્રિમીયમની રકમ વસુલ લઈ જમીન જુની શરતમાં ફેરવવામાં આવેલ છે. તે જોતાં જમીનનું ટાઈટલ ચોખ્ખું હોવાનું જણાયેલ છે. અરજદારે આ શરતફેરના હુકમની તમામ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

વંચાણ–૪ અન્વયે સવાલવાળી જમીનને અડીને નર્મદા યોજનાની નહેર પસાર થતી હોવાથી બિનખેતીના કામે કાર્યપાલક ઈજનેરશ્રી ન.યો.ન.વિ.નં.૧૦ ના પત્રમાં જણાવેલ શરતો મુજબ નહેર માટે સંપાદીત કરેલ જમીનની હદથી બહાર બંન્ને બાજુએ ૫(પાંચ) મીટર પહોળાઈમાં કોઈ પણ સ્થાયી બાંધકામ કરી શકાશે નહી તથા પાળનો કે નહેરનાં પાણીનો ઉપયોગ કરી શકાશે નહી તેમજ નહેરના બાંધકામને નુકશાન થાય તેવી પ્રવૃત્તિ કરી શકાશે નહી. ઉપરાંત અન્ય શરતોનું ચુસ્તપણે પાલન કરવાની શરતે પરવાનગી આપવામાં આવેલ છે.

એપેન્ડીકસ–એ માં જણાવેલ જમીનમાં કબજેદારે તા.૧૯/૦૭/૨૦૧૨ ના સોગંદનામામાં જણાવેલ છે કે, સવાલવાળી જમીન સ્થળે ખુલ્લી છે. બાંધકામ નથી અને તેમના પ્રત્યક્ષ કબજા ભોગવટાની આવેલ છે તથા સવાલવાળી જમીન અંગે તા.૧૭/૦૭/૨૦૧૨ ના રોજના ચર્તુદિશાના ફોટોગ્રાફસ રજુ કરેલ છે.

એપેન્ડીક્સ–બી માં જણાવ્યા મુજબની રૂપાંતર કરની રકમ કબજેદારે જમા કરાવી અત્રે ચલન તથા પહોંચ રજુ કરેલ છે. જેથી કબજેદારની માંગણી તથા ઉપર મુજબની હકીકતે નીચે દર્શાવેલ શરતોને આધીન જમીન મહેસુલ અધિનિયમ–૧૮૭૯ ની કલમ–૬૫ હેઠળ એપેન્ડીક્સ–એ માં દર્શાવેલ ક્ષેત્રફળ વાળી જમીન ઉપર બિનખેતીના રહેણાંકનાં હેતુ માટે ઉપયોગ કરવા નિર્દીષ્ટ હેતુસર આપવા અત્રેના અધિકાર પરત્વે આથી હુકમ કરવામાં આવે છે.

શરતો :–

(૧) આ પરવાનગી સ્થાનિક સત્તા મંડળ ધ્વારા રજુ કરવામાં આવતાં નકશા તેમજ વિકાસ પરવાનગી શરતોના અમલીકરણને આધિન રહેશે. વધુમાં વિકાસ પરવાનગી અન્વયે કરવામાં આવતો વિકાસ અને તેનો વપરાશ વિકાસ યોજનાના નિયંત્રણો વિનિયમો તેમજ "વુડા"/ મ્યુ. કોર્પોરેશન અને રાજય સરકાર ધ્વારા આપવામાં આવતા વખતો વખતના આદેશો/ નિર્દેશનોનો આધીન રહેશે. જમીનના માલિક/ કબજેદારોએ પરવાનગી હેઠળની જમીનનો વિકાસ સબંધિત સત્તા મંડળની વિકાસ પરવાનગી આધીન રહીને જ કરવાનો રહેશે.

For R. INFRA

Partner

(૨) વરસાદી પાણીના ભૂગર્ભ વહન/સંચય માટે દર મકાન/ બહુમાળી મકાન દીઠ એકના દરે વરસાદી પાણી નિકાલ માટે " પરકોલેટીંગ બોર" ની વ્યવસ્થા અચૂક કરવાની રહેશે.

(૩) એપેન્ડીકસ–એ માં દર્શાવેલ બિનખેતી હેતુ તેમજ ક્ષેત્રફળ મુજબ એપેન્ડીકસ–બી મુજબ કરવેરા વસુલ લેવામાં આવેલ છે. તે સિવાય બાંધકામનો અન્ય હેતુ માટે ઉપયોગમાં લઈ શકશે નહી.

(૪) નિયમોનુસાર સદર પરવાનગી હેઠળની જમીનનો ઠરાવેલ વિશેષધારાએ અત્રેથી ફેરફાર કરવામાં ન આવે ત્યાં સુધી દર વર્ષે પહેલી ઓગષ્ટ થી નિયત થયેલ મહેસુલી વર્ષથી ભરવાનો રહેશે. ઉપરાંત કબજેદારો પરથી નકકી થતો લોકલ ફંડ, શિક્ષણ ઉપકર તથા અન્ય કરવેરા પણ દર વર્ષે ચુકવવાના રહેશે. વિશેષધારો વડોદરા શહેરી વિસ્તાર પુરતો સુપ્રિમ કોર્ટમાં આ બાબતનો નિકાલ આવ્યેથી તે ચુકાદાને આધીન રહીને ભરવાનો રહેશે. પરંતુ બિનખેતીનો ઉપયોગ શરૂ કરવામાં ન આવે ત્યાં સુધી ઉકત ઠરાવેલ વિશેષધારો દર વર્ષે બમણાં દરે ભરવાનો રહેશે.

(૫) સદરહું પરવાનગીની તારીખથી દિન–૩૦ માં ડિસ્ટ્રીક લેન્ડ રેકોર્ડ મારફતે માપણી કરવાની રહેશે. જે માપણી મુજબ સાઈટ પ્લાનની નકલો અત્રે રજુ કરવાની રહેશે. તથા ક્ષેત્રફળની વધઘટ મુજબનો વિશેષધારો તેમજ અન્ય ઉપકરો કબજેદારે ભરવાનો રહેશે.

(૬) જમીનની તબદીલી ફેરફાર તથા જમીન અંગેનાં અન્ય તમામ આનુસંગીક કાયદાઓને આધીન રહીને આ પરવાનગી આપવામાં આવેલ છે. જેથી અન્ય કોઈ કાયદા હેઠળ મેળવવાની થતી જરૂરી પરવાનગીઓ મેળવી લેવાની રહેશે.

(૭) સવાલવાળી જમીનમાંથી ઈલેકટ્રીક લાઈન, વીજળી ગ્રીડના તાર/ હાઈટેન્શન પાવર/ થાંભલા કે ટેલીફોન લાઈન પસાર થતી હશે તો આવી લાઈન કે તેના થાંભલા ભવિષ્યમાં નાંખવાના થશે તો તે અંગે વળતર મેળવવા હકક દાવો થઈ શકશે નહી.

(૮) સદરહું પરવાનગી તારીખથી ૬ (છ) માસમાં બાંધકામ શરૂ કરી ત્રણ વર્ષમાં પુરં કરવાનું રહેશે.

(૯) બાંધકામનો ઉપયોગ શરૂ કરતાં પહેલાં બીયુ. અર્થાત બિલ્ડીંગ વપરાશની પરમીશન મેળવી લેવાની રહેશે.

(૧૦) આ હુકમમાં અગર સનંદમાં કોઈ કારકુનની અથવા ગણતરીની ભુલો હશે તો તેમાં સુધારો થઈ શકશે/ સુધારાપાત્ર રહેશે તથા આ સુધારો અરજદારને બંધનકર્તા રહેશે.

(૧૧) આ પરવાનગી તારીખ પછી નમુના " એમ " માં સનદ તૈયાર થયેથી અરજદારે નિયત નમુનામાં સનદ ભરાવી લેવાની રહેશે.

(૧૨) કબજેદારે બાંધકામ શરૂ કર્યા બાદ એક માસની અંદર જીલ્લા કલેકટરશ્રીને તે મતલબની લેખિતમાં જાણ કરવાની રહેશે. તેવી જ રીતે જે બાંધકામ છે.. તે પુર્ણ થયેથી પણ એક માસની અંદર તેની લેખિત જાણ જીલ્લા કલેકટરશ્રીને કરવાની રહેશે.

For R. INFRA

Partner

(૧૩) આમુખ નં.(૪) માં જણાવેલ ગુજરાત સરકારશ્રી મહેસૂલ વિભાગના છેવટના તા.૦૧/૦૭/૨૦
ઠરાવ ક્રમાંક: બખપ/૧૦૦૬/૪૨૫/ક, ના પરિશિષ્ટમાં ઉલ્લેખ (૧) થી (૧૯) તમામ શરતોનું ચુ
પાલન કરવાનું રહેશે અરજદારને બાહેંધરી ખતની શરતોને આધીન આ મંજુરી આપવામાં આ
અરજદારે બાહેંધરી ખતમાં ઉલ્લેખાયેલ તમામ શરતોનું પાલન કરવાનું રહેશે. જો અરજદાર ઉક્ત
૧૨ શરતો તેમજ બાહેંધરી ખત પૈકીની કોઈ પણ શરતોનો ભંગ ક..તો તો તેની સામે શરતભંગની કાર્ય
કરવામાં આવશે. ઉક્ત બાહેંધરી ખતની નકલ સદર હુકમ સાથે સામેલ છે.

(૧૪). આ પરવાનગી અરજદારે રજુ કરેલ વિગતોનાં આધારે આપવામાં આવેલ છે. રજુ થયેલ કોઈ વિગત
હોવાનું જાહેર થયેથી કે ઉપરની નિર્દિષ્ટ કોઈ પણ શરતોનો ભંગ થયેથી આ પરવાનગી આપોઆપ
થયેલી ગણાશે તથા જમીન મહેસુલ કાયદા ૧૮૭૯ અંતર્ગત કલમ ૭૯(એ) હેઠળ પગલાં લેવાની પ
રહેશે. અને તત્કાલીન અમલમાં હોઈ તેવા બીજા કોઈપણ કાયદાની જોગવાઈઓનો બાધ વિના ઈન્ડીર
પીનલ કોડ હેઠળ કબજેદારો ફોજદારી ગુના માટે શિક્ષાત્મક પગલાં લેવાને પાત્ર બનશે તથા જમીન મહેસુ
કાયદા ૧૮૭૯ ની કલમ ૬૬ તથા મુંબઈ જમીન મહેસુલ નિયમો–૧૯૭૨ નાં નિયમોનાં નિયમ–૧૦
અનુસાર યોગ્ય તે દંડનાત્મક કાર્યવાહી કરવામાં આવશે અને બાંધકામ દુર કરાવવા સહીતનાં એક કે વ
પગલાં લેવામાં આવશે.

બિડાણ :– બાંહેધરી ખત

રવાના કર્યુ

મામલતદાર (બિનખેતી)
કલેક્ટર કચેરી, વડોદરા.

સહી/–
(વિનોદ રાવ)
કલેક્ટર વડોદરા

પ્રતિ,
શ્રી ભવ્યા ચંદ્રકાન્તભાઈ મણીયાર તે મીતેષભાઈ હસમુખ શાહની પત્ની
સી–૨૦–૨૧, સ્વામીનારાયણ નગર,
હરણી રોડ,
વડોદરા.

<u>નકલ રવાના</u> :–

(૧) નગર નિયોજકશ્રી, વડોદરા શહેરી વિકાસ સત્તા મંડળ (વુડા), એલ એન્ડ ટી. સર્કલ નજીક, વી.આઈ.પી.
રોડ, વુડા ભવન, કારેલીબાગ, વડોદરા તરફ.

(૨) મામલતદારશ્રી વાઘોડીયા તરફ
૨/– આગળની જરૂરી કાર્યવાહી તથા સનદ ભરાવવા અંગે ઘટતી કાર્યવાહી હાથ ધરવા તથા પ્લાન મુજબ સ્થળે
બાંધકામ થાય છે. કે કેમ ? શરતભંગ જણાય તો તે અંગે કાર્યવાહી કરી લેખિતમાં અહેવાલ મોકલવા સારૂ.

(૩) તલાટીશ્રી શ્રીપોર ટીંબી તા. વાઘોડીયા ગામ નમુના નં.૨ માં તથા ૪ માં નોંધ કરવા સારૂ.

(૪) જિલ્લા નિરીક્ષકશ્રી, જમીન દફતર વડોદરા તરફ

(૫) નાયબ મામલતદારશ્રી ઈ–ધરા વાઘોડીયા તરફ ગા.નં.નં.૬ કોમ્પ્યુટર રેકર્ડમાં નોંધ કરવા સારૂ.

(૬) બિનખેતી શાખા, કલેક્ટર કચેરીના કલમ–૬૬ દફતર તરફ

(૭) નાયબ કલેક્ટરશ્રી સાવલી તરફ જાણ સારૂ.

(૮) જન સેવા કેન્દ્ર, કલેક્ટર કચેરી, વડોદરા તરફ જરૂરી કાર્યવાહી કરવા સારુ.
(BAR CODE NO,538828)

For R. INFRA

Partner